રજીસ્ટર થઈ શકે એવા દસ્તાવેજ.

અરજીઓ તથા દેશી નામાની

પ્રશ્નોતરીનું

દર્પણ.

बनावी प्रसिद्ध करनार

જોશી ભવાનીશંકર રામેશ્વર

કે આમોદની સરકારી નિશાળના મેહેતાજી.

નડીયાદ

યસાગર પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૩૯—સને ૧૮૮૨

મત રૂ૦-૮-૦

વા દસ્તાવેજ,

દશિ નામાની

તગીનું

સદ્ધ કરનાર

નીશંકર રામેશ્વર

ા ૨.૨કાર્ગી નિશાળના મેહેતાજી.

નડીયાદ

સત્યસાગર પ્રેસમાં છાપ્યું.

''ર

ગ્રંથકર્ત્તા. ૨૮૨૩

અંતર લાપિકા.

મનહર.

જોજે તારા તો ઘડીમાં બુરા હાલ કાળ કરે
શીદ ભમે આડો આડો તું નિદાન હારશે
ભજ વિશ્વ પતિ દયાળો આનંદ આપે તને
વાદ દુર કર મર્મજ્ઞ મતી સુધારશે
નીમિત્ત મુખ મધથી જો લીજે નિયંતા નામ
શંકા ન કરો એ દેવતા તરત તારશે
કપટ મમત વડેર જો રાત દિન પણ
રહેશો નરકે ગરક છેવટ મારશે.।

તા૦ ૨૭ નવેંબર સન ૧૮૮૨.

વિનંતિપત્ર.

આ લઘુ પુસ્તક જેઓ વિદ્વાન ગ્રહસ્થોના જોવામાં અથવા વાંચવામાં; તેઓને મારી વિનંતી છે કે મારો આ ઉદ્યોગ પેહેલીવારનો છે, તેથી દોષથી, મારા ટુંકા વિચારથી, વિષય ગોઠવવામાં ભુલ પડેલી હોય; તો તે ને વાંચશો એટલુંજ નહીં પરંતુ તે ભુલ સુધારવાને કે વિષય ફેરવવાને ભાળશો; એવી હું આશા રાખું છું અને વળી કોઇ વિદ્વાન ગ્રહસ્થ સુ-હકીકત સુધારવા વધારવા કે ફેરવવા ખુશીની સાથે હું તૈયાર છું. એથી અજાણ્યુ આદમીને હરેક રીતે માહીતી મળે એવો મારો ઉદેશ છે. તા૦ ૧-૧૧-૮૨

લ૦ રા૦

ગ્રંથકર્ત્તા.

પ્રસ્તાવના.

નામાં ઠામામાં અણવાકેફને અજાણ્યા માણસોને પોતાને ફકત જોઇતુંજ નામું શીખવાની જરૂર છે, એવા માણસોના ઉપયોગમાં આવે એવું આ એક લઘુ પુસ્તક તૈયાર કર્યું છે.

કેટલાક માણસો થોડું ઘણું વાંચતાં લખતાં શીખીને નિશાળેથી ઉઠી ગએલા હોય છે. તેથી વ્યવહારમાં ચાલતા દસ્તાવેજ તથા વારંવાર જરૂર પડતી અરજીઓ લખવાની, તથા ઘર સબંધી નામું રાખવાની, બાબતમાં બિલકુલ અજાણ્યા રહે છે; તેમાં વળી વિશેષે કરીને ગામડાના લોકો તો હજારો રૂપિઆની વરસ દહાડે આવક જાવક છતાં પણ તેનું બરાબર રીતે નામું લખી જાણતા નથી. તેવા સઘળા માણસોને હમેશના ઉપયોગમાં આવે એવું આ એક અગત્યનું પુસ્તક છે.

આ ચોપડીમાંના ૧ લા પ્રકરણમાં સમાએલી બાબતોનો સંગ્રહ કરવાની મતલબ એ છે જે કાગળ પત્ર વિગેરે ગૃહસ્થવહારોપયોગી બાબત લેખાવળીમાં યથાસ્થિત અર્થની સમજુતી સાથે આપેલી છે. તેથી અત્રે તેની કંઇ જરૂર નથી; પરંતુ કેટલાક દસ્તાવેજો રજીસ્ટર કરાવવા પડે છે તે વખત લેખાવળી પ્રમાણે લખીને લઇ જઇએ તો રજીસ્ટર થતા નથી. માટે તે દસ્તાવેજો લોકોને હાલ જે રીત ચાલે છે તે રીતના નમુનાનો અત્રે સંગ્રહ કર્યો છે.

પ્રકરણ ૨ જામાં તથા ૩ જામાં કેટલીક વખત ફોજદારીમાં તથા રૈ ન્યુ કામ બાબત, અથવા બીજા કાંઇ કામને અર્થે મામલતદારની કચેરીમાં, થવા કલેકટર સાહેબની હજુરમાં અરજીઓ કરવી પડે છે. તેવા નમુનાનો ગ્રહ કરીને આ પુસ્તકમાં મુકયોછે. તેમાં કેટલીક અરજીઓ તો યોગ્ય ક તે, મારા જોવામા આવેલી તેવી નકલો એકઠી કરીને તેમાં કરવા જેવો ફેરફાર કરી અત્રે દાખલ કરી છે.

પ્રકરણ ૪ થામાં દેશી નામું લખવાને સારી રીતે સમજણ માટે એવી ગોઠવણ કરવામાં આવી છે કે દુકાનદાર, ગૃહસ્થ, તથા માણુસને અનુસરતા વીશ પ્રશ્ન ઉત્પન્ન કરીને તેમાંના ફકત બે ત્રણ પ્રશ્ન ઉપર ઉતારી તેના ઉત્તર તરીકે જોડેના બીજા પૃષ્ટ ઉપર જમે ખર્ચ કે દિવસની સિલિક કાઢી બતાવી છે. ત્યાર પછી બીજા મહીનામાં એક દ મેળ દાગીને ઉપર પ્રમાણે સિલિક કાઢી બતાવીછે એ રીતે બારે માસ પૂરા તે ઉપરથી પાડેલાં ખાતાંનો વિસ્તારથી સમજુતી આપી છે. તેના ઉપરથી જવહી બનાવી તેમાં જુદા જુદા પ્રકારનાં વ્યાજ કાઢવાની સમજુતી આ વ્યાજ કાઢી બતાવ્યાં છે.

બ. શુ.

अनुक्रमणिका.

પ્રકરણ ૧ લું.

વ્યવહારમાં ચાલતા દસ્તાવેજ ચાલતી રીત પ્રમાણેના.

પ્રકરણ ૨ જું.

ફોજદારી તથા રેવન્યુ કામ બાબત કરવાની અરજીઓ.

પ્રકરણ ૩ જું.

દીવાની કોરટમાં કરવાની અરજીઓ.

પ્રકરણ ૪ થું.

દેશિનામા બાબત.

અર્પણપત્રિકા.

ગિતિ છંદ.

છો લઘુપણના સંગી. શો ઉપકાર કરૂં પ્રિય હું તમને
ટાણું શુભ આ સારૂ, મેળવીઉ જગ કરતા એજ મને
લાભ લઇ મેં તેનો. સ્વહસ્તથી આ લઘુ પુસ્તક કરીયું
લઇ અંતરમાં પ્રીતિ, રંજન થઇ અર્પણ તનને ધરીયું
ભુલાય નહી ગુણ એવા, ભીતર કોરી રહ્યા હૃદય મારે
લાગટ રહેવા નામો, ખાએશ ધરી મેં કર્મ કરયું આરે
ભાવે અર્પું આજે, ભાવ ધરીને સ્વીકાર શો ભાઇ
ઇશ્વરને કરૂ સ્તુતિ જે, ઇચ્છીત ફળ તમને દેશે સુખદાઇ

ભ૦ રા૦

ગ્રંથકર્તા.

પ્રકરણ ૧ લું

અંગાઉ ખત.

સંવત ૧૯૩૮ ના જેઠ શુદી ૮ તા. ૨૯ મે સંને ૧૮૮૨ ને દીને કરજે આમોદના રહેવાસી શા. નરોતમ હરજીવનદાસ જોગ લી૰ આમોદ તા૰ લુકાનું ગામ મોજે ધમણાદના રેહેવાસી ગરાસીઆ વજેસંગ રતનસંગ હસ્તાન અખેરાણુ દત્તાન જત અંગ ઉધારે રૂા. ૧૦૦) અંકે સો પોલ્ડોલીયાં સરકાર ચલણી નગદી રોકડા લીધા તે દેવા. એ રૂપીઆનું વ્યાજ માસે ૧) ચત ૧ તેરીખ ટકો ૦॥ અંકે આના આઠ લેખે ચડે ને દીવાળી બાકી તથા અધિક માસના વ્યાજ સાથે ગણીને ઉપર લખેલા રૂપીઆ વ્યાજ સાથે જયારે તમો માગો ત્યારે આપુ સહી † એ રૂપીઆ મારો માલ મીલકતથી તથા વાલી વારસોથી પુરા કરી લેવાને તમે માલિક મુખતીયારછો એ લખ્યું કબુલ મંજુરછે.

અત્ર ______ મતુ અત્ર ______ સાખ

ખાંધાનું ખત.

સંવત ૧૯૩૮ ના જેઠ વદી ૮ તા૰ ૧૦ જુન સને ૧૮૮૨ ના દાને આમોદ તાલુકાનું ગામ મોજે સરભાણના રહેવાસી પટેલ મોરાર નથુ જોગ લી. મોજે મચકુરના કુંભાર હરખા રગુ કોડ હસ્તાન અખેરાણુ દત્તાનજત રૂા. ૬૦ અંકે સાઠ સરકાર ચલણી પોળીઆં બાબતે પાછલા ખતનો હીસાબ સમજી બાકી કાઢયા તે દેવા એ રૂપીઆ ભરવાનાં ખાંધાં બાંધ્યાં છે તેની વીગત નીચે પ્રમાણે

૧૦, ચાલતી સાલના જેઠ વદી ૧૨	૧૦) ચાલતી સાલના ભાદરવા વદ ૧૨
૧૦) ચાલતી સાલના અસાડ વદી ૧૨	૧૦) ચાલતી સાલના આસો વદ ૧૨
૧૦) ચાલતી સાલના શ્રાવણ વદ ૧૨	૧૦) અંકે દસ સંવત ૧૯૩૯ ના કારતક વદી ૧૨

૬૦

ઉપર પ્રમાણેની વીગતનાં ખાંધાં નંગ છ બાંધ્યાં છે તેના વાયદાસર રૂ-

---

† જો જામીન કોઈ થયો હોય તો નીચે પ્રમાણે લખવું.

એ રૂપીઆ ભરે ભરવાના જામીન મોજે કેરવાડાના રહેવાસી પા. [illegible] છે તે ઉપર લખેલા રૂપીઆ વ્યાજ સાથે ભરે યા ભરાવે ત્યારે છુટે સહી. એ રૂપીઆ અમો એકમતે તથા એકજતે ભરીએ સહી એ રૂપીઆ અમારી અંગેની મુલ મીલકતથી તથા વાલી વારસોથી પુરા કરી લેવાને તમે માલીક મુ-ખતયાર છો એ લખ્યું કબુલ મંજુર છે.

પીઆ ભરી ખાંધાં છ મળી કુલ રૂ. ૧૦) ભરૂ સહી જો કદાપી વાઅદા ચુકુ અથવા ખાંધુ અટકે તો એ રૂપીઆનું વ્યાજ માસે ૧) સત ૧) તેરીખ ટકો ૧) અંકે એક લેખે ચડે તે દીવાળી બાકી તથા અધીક માસના વ્યાજ સાથે ગણીને આપુ સહી એ લખ્યું કબુલ મંજુર છે.

અત્ર ____________________ મતુ અત્ર ____________________ સાખ

સાનનો દસ્તાવેજ.

સંવત ૧૯૩૮ ના જેઠ વદી ૮ તા૦ ૧૦ જુન સન ૧૮૮૨ ને દીને અંકલેશ્વર તાલુકાનું ગામ મોજે સુણેવકલ્લાના પા. માધવરામ હરીક્રસન જોગ લી. મોજે સીસોદરા તાલુકે અંકલેશ્વરના રહેવાસી પા. હીમતરાયજી હસ્તાન અખેરાણુ દત્તાનજત રૂ. ૨૫) અંકે પચીસ સરકાર ચલણી પોલીઆં રોકડા લીધા છે તે દેશું એ રૂપીઆનું વ્યાજ માસે ૧) શત ૧) તરીખ ટકો ०॥ અંકે આના આઠ લેખે ચડે તે દોવાળી બાકી તથા અધીક માસ આવે તે સુધાં ગણી આપીએ એ રૂપીઆને પેટે મારી ભેંસ નંગ ૧] સાનમાં લખી આપી છે તેની નીશાનીની વીગત રંગે ભુરી કપાળમાં ધોળો ટીલો તથા પગ ચાર ખરી આગળથી ધોળા તથા એક સીંગડું ખાંડુ છે.

એવા ચિન્હની ભેંસ નંગ એક ઉપર લખેલા રૂપીઆને પેટે સાનમાં લખી આપી છે તે જ્યારે આ ખતમાં લખેલા રૂપીઆ બ્યાજ સાથે તમને ભરી પુરીને પોચે ત્યારે ઉપર લખેલી ભેંસ સાનમાંથો છુટે સહી, જ્યાં લગણ તમારા રૂપીઆ બાકીછે ત્યાં લગણ એ ભેંસ મારાથી વેચી કે બીજી રીતે કોઇને આપી શકાય નહીં. કદાપી ભેંસને કજા ઇલાજ થાય તો તેની સીગોટી અમો બતાવી એ સહી. એ લખ્યું કબુલ મંજુર છે.

અત્ર ____________________ મતુ તત્ર ____________________ સાખ

રજીષ્ટર કરાવવાના દસ્તાવેજ લખતી વખતે યાદ રાખવાની સુચના.

૧—કોઇ પણ દસ્તાવેજ લખતી વખતે દસ્તાવેજનાં નામ (જેમ ચોપડીમાં વેચાણનો, ગીરોનો વિગરે નામ લખ્યાં છે તેમ) તેમ લખવાં નહીં.

૨—દસ્તાવેજને મથાળે આંગળ પાંચને સુમારે જગા ખાલી રાખવી.

૩—અંદર બનતા સુધી ભુલ આવવા દેવી નહીં કદાપિ કોઇ અક્ષર ભુલ થવાથી વધારવો ઘટાડવો પડે તો તે વધારી ઘટાડી દસ્તાવેજની મતલબ લખી રહ્યા પછી નીચે જણાવવું કે ફલાણી લીટીમાં આટલા અક્ષર વધાર્યા છે કે ચેહેરી નાંખ્યા છે તે લખતી વખતના છે. અને ચેહેરેલા અક્ષરનો આ—

ગળ મતુ કરનારના નામનો પેહેલો અક્ષર અને ચેહેરેલા અક્ષરની પાછળ તેના બાપના નામનો પેહેલો અક્ષર લખાવવો મતલબ ત્યાં નિશાન કરાવવું

ધરેણી (ગીરો)ઉ ખત.

(ખત લખતી વખતે દ-સ્તાવેજનું નામ લખવું નહીં)

સંવત ૧૯૩૮ ના અસાડ વદી ૧૪ ને વાર શુકર તા૦ ૧૪ જુલાઈ સન ૧૮૮૨ ને દિને આમોદ પરગણાનું ગામ મોજે દોરાના રેહેવાસી પા. ઝવેર ઈશ્વર જાતે લેવા પાટીદાર ધંધો ખેતીનો જોગ લા. મજકુર પરગણાનું ગામ મોજે સરભાણના રહેવાસી પા. મેઘજી માધવજી જાતે લેવા પાટીદાર ધંધો ખેતીનો હસ્તાન અખેરાણુ દત્તાનજત રૂ. ૨૯૯) અંકે બસેને નવાણું સરકાર ચલણી પોહોળીઆં નગદ રોકડા અમોએ આજ રોજ તમારી પાસેથી લીધા છે તે દેવા. તેના પેટામાં અમારી જમીન અમારી માલીકીની તથા અમારા કબજા ભોગવટાની કે જે જીલ્લે ભરૂચ તાલુકે આમોદનું ગામ મોજે દોરાની સીમ મધેની હાલ સરકારમાં અમારે નામે ચાલે છે તે તમોને ગીરો લખી આપી છે તેની વિગત નીચે પ્રમાણે.

૨-૨૦ સરવે નંબર ૧૦૨ એકર ૨-૨૦ ગુંઠા કીત્તે ટીબીવાળું તેની ઉત્તરે પા. વાઘજી રાયજીનું ખેતર નંબર ૧૦૩ નું છે. દક્ષિણે પા. ગોકળ ઝવેરનું ખેતર નંબર ૫૨ નું છે પુર્વે સેખ વીઠલ વસ્તાનું નંબર ૨૨૨ નું ખેતર છે આથમણી બાજુએ પા. ધનદાસ હાથીભાઈનું ખેતર છે.

૧-૧૫ સરવે નંબર ૨૪૫ નું ખેતર એકર ૧-૧૫ ગુંઠા કીત્તે ધમણાદીઠ એની ઉત્તરે પા. ઓધવ વસનનું ખેતર છે દક્ષિણે પા. બેચર ગોરધનનું ખેતર છે પુર્વે પા. પરસોતમ ઓધવનું ખેતર છે પશ્ચિમે પા. જીભાઈ બેહેચરનું ખેતર છે,

૩-૩૫

ઉપર પ્રમાણે ખેતર નંગ બે મળીને કુલ જમીન એકર ત્રણને પાંતરીસ ગુંઠા છે તે ઉપર લખેલા રૂ. ૨૯૯) ના અવેજમાં આ દસ્તાવેજથી તમોને ગીરો લખી આપી તમોને કબજે આપી છે તે જ્યારે અમો અથવા અમારા વાલી વારસ તમોને ઉપર લખેલા રૂપીઆ ભરીપુરીને જ્યારે આપીએ ત્યારે ઉપર લખેલી જમીન અમારે કબજે આપો સહી જ્યાં સુધી તમારા રૂપીઆ અમો આપીએ નહીં ત્યાં સુધી એ જમીનને અમારે લાગે વળગે નહીં.

ઉપર લખેલા રૂપીઆનું વ્યાજ તમો અમારી પાસે માગો નહીં ને સદરહું જમીનનું દાણ અમો તમારી પાસે માગીએ નહીં પરંતુ સરકારનું લવાજમ ભરવાનું તમારે શીર છે. એ લખ્યું કબુલ મંજુર છે.

અત્ર ——————— મતુ અત્ર ——————— સાખ

વેચાણ દસ્તાવેજ.

(દસ્તાવેજ લખતી વખતે નામ લખવું નહીં)

સંવત ૧૯૩૮ ના અસાડ વદી ૧૪ ને વાર શુકર તા૰ ૧૪ મા જુલાઈ સન ૧૮૮૨ ને દિને આમોદ તાલુકાનું ગામ મોજે દોરાના રેહેવાશી પા. કાના કુંવરજી જાતે લેવા કણબી ધંધો ખેતીનો જોગ લા. વડોદરા સંસ્થાનના ચોરંદા તાલુકાનું ગામ મોજે કુરઈના રેહેવાસી પા. ગુલાબ રણછોડ તથા વીઠલ રણછોડ જાતે સેખ ધંધો ખેતીનો હસ્તાન અખેરાણદત્તાનજત રૂ. ૪૫૦) અંકે ચારસેને પ ચાસ સરકાર ચઢાણી પોળીઆં દેવા બાબતે રૂ. ૩૦૦] અંકે ત્રણસેં અમોએ તમારી પાસેથી આજ રોજ રોકડા લીધા છે તથા સંવત ૧૯૩૦ ના પોસ વદી ૮ ની મિતીના ગીરોના દસ્તાવેજથી તમો અમારી પાસે માગતા હતા તે રૂપીઆ ૧૫૦] અંકે દોઢસો તમારે ત્યાં બેઠા રાખ્યા એ રીતે ઉપર લખેલા રૂપીઆ ચારસેં પચાસના અવેજમાં અમારૂ ઘર વડોદરા સંસ્થાનના ચોરંદા તાલુકાનું ગામ મોજે કુરઈ મધેનું મોટા ફળીઆમાં આવેલું છે તે અમોએ તમોને વેચાણ આપ્યું છે તેનાં હદ નિશાન નીચે પ્રમાણે—

૧ ઘર એક જમીન પ્રમલા સાથેનું પુર્વ પશ્ચિમ બાંધેલું છે તે પાછલા વાડાથી તે આગલા ચોક સુધી લાંબુ દરજીના ગજ ૨૮ તથા પહોળું ગજ ૧૫ છે તેની ઉત્તર દિશાએ પા. નારણ [જાગાનું ઘર તેની રેણીનું છે ને વચેનો કરો પંત્યાળો છે દક્ષિણ દિશાએ પટેલ નાથા માવજીનું કોડીઉ ઘર છે અને [વચેનો કરો ઇલાયધો છે ઉગમણી દિશાએ આગલું બારણું તથા ચોકછે તે ઉમરાથી દરજીના ગજ પાંચ ઉગમણો છે તે મુકી પા. ઝવેર રામજીનો ચોક તથા ઘર છે આથમણી દિશાએ આ ઘરનું પછીતનું બારણું સદરહુ ઘરના અંગના વાડામાં પડે છે એ વાડે બારણાથી આથમણો ગજ ૪ છે તે મુકી પેસી પાસે પા. ઓધવ જેઠાનું ઘર છે.

એશ્રુી વીગતનું ઘર એક જમીન ઈમલા તથા વાડા તથા ચોક તથા મેડા મથાળા સાથે હેઠળથી ઉપર સુધી ઉપર લખેલા રૂ ૪૫૦]ના અવેજમાં યાવત ચંદ્ર દિવાકર તપે ત્યાં સુધી વેચાણુ લખી આપીને આજથી તમને કબજે આપ્યું છે હવેથી એ ઘર ઉપર અમારો તથા અમારા વાલી વારસોનો દરદાવો પોહોચે નહીં.

એ ઘરને તમે વાપરો, ભોગવો, વેચાણુ કે ગીરો આપો કે એ ઘર ખિરો તમે ફાવે તેમ કરવાને માલીક મુકતીઆર છો એ ઘરને કાંઇ હેરો હરકત થાય તો ઉપર લખેલા રૂપીઆનો અમો તથા અમારા વાલી વારસોમાં જે કોઇ હોય તે જવાબ દઈએ સહીં. આ દસ્તાવેજ અમો અમારી રૂ.જી ખુશીથી તથા અકલ હોંશિઆરીથી તથા ખીન કેફમાં લખી આપ્યો છે તે કબુલ મંજુર છે.

અત્ર ——— મતુ અત્ર ——— સાખ

ભાડા ચીઠી.

સંવત ૧૯૩૮ ના અસાડ વદી ૧૪ તા૦ ૧૪ મી જુલાઇ સન ૧૮૮૨ ને દિને કસ્બે આમોદનો રહેવાશી શા. વીરચંદ વેણીચંદ જોગ લા. કસ્બે મજકુરનો રેહેવાશી શા. દામોદર નરોતમ જત આમોદ મધે આમલી ફળીઆમાં મોટાભાઈની ખડકીમધેનું ઘર એક તમારૂ અમોએ વરસ ૧ એકની મુદત સુધી ભાડે રાખ્યું છે. તેની વિગત.

ઘર એક મેડા તથા વાડા સાથેનું તેની ઉતરે શા. રૂપજી કલાણનું ઘર છે દક્ષિણે શા. અ બ નું ઘર છે ઉગમણે આગલું બારણું છે આથમણે સદરહુ ઘરના અંગનો વાડો મુકી પેલી પાસ શા. કેવળ કાળાનું ઘર છે.

એશ્રુી વીગતનું ઘર તમારૂ અમોએ ભાડે રાખ્યું છે તેનું ભાડુ માસ એકનો રૂપિઓ દોઢ અંકે આના ચોવીસ આપવા ઠરાવ્યા છે. તે દરમાસ પુરો થયે આપું સહી ચળામણી તથા નળીઆંની ખોટ તમારે શીર છે વરસ પુરૂ થએ તમારી મને રાખવાની ખુશી હશે તો હું રહીશ અને ખુશી નહીં હોય તો ખાલી કરી તમારે હવાલે કરીશ એ લખ્યું કબુલ મંજુર છે.

અત્ર ——— મતુ અત્ર ——— સાખ

ગણોતનામુ એકસાલી.

સંવત ૧૯૩૮ ના જેઠ વદી ૧૦ તા૦ ૧૧મી જુને સન ૧૮૮૨ ને દિને

હાંસોટ તાલુકાનું ગામ મોજે સુણેવકલાના રહેવાશી પા. માધવરામ હરીકરન જોગ લા. મોજે મજકુરના રહેવાસી કોળી લાલા કાળા જત અમોએ તમારૂ ખેતર મોજે મજકુરની સીમમાં નામે ખદનીયું સરવે નંબર ૪૨૧ નું એકર ૪-૧૫ ગુંઠા કે જે હાલ તમારા કબજા ભોગવટામાં છે અને સરકારી દફતરે તમારે નામે ચાલેછે તે સંવત ૧૯૩૯ ની ફસલ ઉપર એક સાલી ગણોતે ખેડવા સારૂ રાખ્યુ છે તેના ઉધડ ગણોતના રૂ. ૪૦] અંકે ચાલીસ સરકાર ચલણી પોળીઆં આપવા ઠરાવ્યા છે તે ભરવાનો વાયદો સંવત ૧૯૩૯ ના ફાગણ સુદી ૨ નો કર્યો છે તે વાયદાસર રૂ. ભરૂં સહી વાયદો ચુકુ તો એ રૂપીઆનું વ્યાજ માસ ૧ સત ૧ તેરીખ ટકો ૦॥। અંકે પોણો લેખે ચડે તે દીવાળી બાકી તથા અધીક માસના વ્યાજ સાથે ભરૂં સહી

એ ખેતર મારાથી ન ખેડી શકાય અને પડ્યું રહે તો પણ ઉપર લખેલા રૂપીઆ વાયદાસર ભરૂં સહી એ જમીનમાંથી કરાંઠી, ખુંપરા, વગરે સાફ કરી સંવત ૧૯૩૯ ના વૈશાખ સુદી ૨ નો અવલ તમારે કબજે આપું સહી એ લખ્યું કબુલ મંજુર છે.

અત્ર ______________________ સહીં અત્ર ______________________ સાખ

એકથી વધારે સાલનું ગણોત.

સંવત ૧૯૩૮ ના જેઠ વદી ૧૦ તા૦ ૧૧ મી જુન સન ૧૮૮૨ ને દીને નડીઆદ તાલુકાનું ગામ મોજે ચકલાસીના રેહેવાસી પા. હીરજી ધીરજી જોગ લા. મોજે મજકુરના રેહેવાસી પા. વાઘજી માનજી જત અમોએ તમારી જમીન મોજે મજકુરની સીમની અમોએ ગણોતે ખેડવા રાખી છે તેની વિગત.

સરવે નંબર	એકર ગુંઠા.
૨૦૨	૫-૫
૩૦૪	૪-૮
૨	૯-૧૩

ઉપર પ્રમાણે કુલ નંબર બે મળીને જમીન કુલ એકર નવ ને તેર ગુંઠા કે જે હાલ તમારા કબજા ભોગવટામાં છે અને સરકારી દફતરે તમારે નામે ચાલે છે તે અમોએ સંવત ૧૯૩૮ ના જેઠ વદી ૧૦ થી તે સંવત ૧૯૪૩ ના વૈશાક સુદી ૨ સુધી સાલ પાંચ ગણોતે ખેડવા સારૂ રાખી છે તેનું ગણોત સાલ ૧ એકના ઉધડ રૂપીઆ ૯૫) અંકે પંચાણું પોળીઆં સરકાર ચલણી આપવા ઠરાવ્યા છે તે વરસો વરસ ચડે મઢા દરેક સાલના ફાગણ સુદી ૨ જે તે

માને આપીએ સહી કદાપી કોઇ સાલના રૂપીઆ અટકે તો વાયદાની મીતીથી એ રૂપીઆનું વ્યાજ માસ ૧ થત એક તેરીખ ટકો ૧ અંકે એક લેખે ચડે તે દીવાળી બાકી તથા અધીક માસના વ્યાજ સાથે ગણીને આપીએ સહી.

એ જમીન હું ખેડું, ખેડાવું. યા વાસેલ રાખું તો પણ ઉપર લખેલા રૂપીઆ વાયદાસર ભરૂં સહી એ જમીનમાં સરકારના ઠરાવ પ્રમાણે બાણ, શેડી, વીગરે કરવું પડે તે કરૂ સહી અને સરકારનું લવાજમ ભરવાનું તમારે શીર છે.

સદરહુ જમીનમાંથી કરાંઠી ઝુંપરા વગેરે સાફ કરી સંવત ૧૯૪૩ ના વૈશાખ સુદી ૨ જે વગર હરકતે તમારે હવાલે કરૂં સહી કબજે આપતાં હરકત કરૂં તો તે કબજે લેતાં તમોને જે નુકશાન યા ખરચ થાય તે હું આપુ સહી એ લખ્યું કબુલ મંજુર છે.

અત્ર ________ મતુ તત્ર ________ સાખ

બક્ષીસનો દસ્તાવેજ.

સંવત ૧૯૩૮ ના જેઠ વદી ૧૦ તારીખ ૧૧ મી જુન સને ૧૮૮૨ ને દીને મોજે સુણેવકલ્લા તાલુકે અંકલેશ્વરના રહેવાસી પા. ભગુભાઇ કેસવ જોગ લી. મોજે રાયમા તાલુકે અંકલેશ્વરના રહેવાસી પા. હરીરામ નંદરાજ જત તમો અમારા સગા ભાણેજ થાઓ છો તેથી મારૂં ભરણ પોષણ તથા ચાકરી કરવાને પેટે નીચે લખેલી મારી મીલકતો મારી માલકીપણાના કબજા ભોગવટાની જીલે ભરૂચ તાલુકે અંકલેશ્વર પેટા મહાલ હાંસોટનું ગામ મોજે રાયમા ગામ મધ્યેની તમોને બક્ષીસ લખી આપી છે તેની વીગત.

૮–૩ સરવે નંબર ૨૦ નું ખેતર નામે ખારીયું એકર ૮–૩ ગુંઠા એની ઉત્તરે પા. માધરામ નરસઇનું નંબર ૪૨ નું ખેતર છે દક્ષિણે રાયમેથી સુણેવ જવાની નેળ છે પૂર્વે પા. જગજીવન બાપુ નું નં. ૪૯ નુ ખેતર છે પશ્ચિમે अ ब નું નંબર ૪૫ નું ખેતર છે

૫–૮ સરવે નંબર ૩૫ નું ખેતર નામે ખોડો સમડો એકર ૫–૮ ગુંઠા એની ઉતરે પા. જીવરામ વણારસીનું નંબર ૫૬ નું ખેતર છે. દક્ષિણે પા. अ ब નું નંબર ૧૦ નું ખેતર છે. પૂર્વે પા. क ड નું નંબર ૪૦ નું ખેતર છે પશ્ચિમે પા. फ इ નું નંબર ૭૦ નું ખેતર છે

૧૩–૧૧

ઘર ૧ એક જમીન ઇમલો તથા વાડા સાથે બ્રાહ્મણ ફળી મધેનું ઉ-

તર દક્ષિણ બાંધેલું એની ચતુર દીશાની વીગત એની ઉગમણે પા. પરસો-તમ જદુરામનું ઘર તેના વાપર છે આથમણે પા. અ બ નું ઘર ફોડીયું છે બંને બાજુના કરા ઢળાયધા છે. દક્ષિણે સદરહુ ઘરનું આગલું બારણું છે તે મુકીને એ ઘરના અંગના ચોક ઉમરાથી ગજ ૪ છે તથા ઉતરે એ ઘરનું પાછલું બારણું વાડામાં નીકળવાનું છે તે મુકી ઘરના અંગનો વાડો ઉમરાથી ગજ ત્રણ છે તે વાડો મુકી પેલી પાસ કોળી કાંના ઓધવની ખુલ્લી પડતર જમીન છે એ ઘર ઉતર દક્ષિણ લાંબુ ચોક તથા વાડા સાથે ગજ ૨૯ છે તથા પુર્વ પશ્ચિમપોહોળું ગજ ૧૮ છે સધળી ભરતગો દરજી ગજે કરી છે.

એની વિગતના કુલ નંબર બે મળીને જમીન એકર તેરને અગીઆર ગુંઠા તથા ઘર એક મળીને કુલ ઉપર લખેલી મીલકતો રૂ. ૯૯૯) અંકે નવસેં નવાણુની આજ રોજ તમોને બક્ષિસ લખી આપી તમારે કબજે આપી છે માટે હવેથી એ સર્વે મીલકતના માલીક મુક્તિઆર તમે તથા તમારા વંશ વારસો છે તે યાવતચંદ્ર દીવાકર તપે ત્યાં સુધી ઉપર લખેલી જમીન ખેડો, ખેડાવો તથા ઘરને વાપરો અથવા ભોગવો અથવા તમામ મિલકત વેચો સાટો કીત્રા તમારી નજરમાં આવે તેમ એ મીલકત વિશે કરો તે સર્વે વાતે તમે હવેથી માલીક મુક્તિઆર છો પરંતુ હું જીવું ત્યાં સુધી મારૂં પાલણ તથા ચાકરી કરવી અને મારૂં મરણ થયે મારી ઉત્તરક્રીયા નાતના શિરસ્તા પ્રમાણે કરવી હવેથી એ મીલકતની ઉપર અમારો તથા તમારા સિવાય બીજા કોઇ સગાનો દરદાવો પોચે નહીં સબબ તમારા સિવાય મારો બીજો કોઇ નજીકનો સગો નથી અને કોઇ કદાપિ દાવો કરે તો તે રદ છે.

ઉપર લખેલી જમીન તમો તમારે ખાતે કરાવી લેશો તેમાં અમે કબુલત આપીશું આ દસ્તાવેજ મેં મારી રાજી ખુશીથી તથા અક્કલ હોશિઆરીથી તથા બીન કેફમાં લખી આપ્યો છે તે કબુલ મંજુર છે.

અત્ર ———— મતુ અલ ———— સાખ

વસીયતનામું.

સંવત ૧૯૩૮ ના જેઠ વદી ૧૧ તા. ૧૨ મી જુન સને ૧૮૮૨ ને દીને હું પા. મોરારજી માધવરામ જ્ઞાતે મજોદરા બ્રાહ્મણ ઉમર વરસ ૭૦ ની ધંધો ખેતીનો રહેવાસી અંકલેશ્વર તાલુકાનું ગામ મોજે ગોડાદ્રાનો તે આ દેહ ક્ષણ ભંગુર છે અને મારા દેહનો મને ભરોસો પડતો નથી અને હાલ મને સારી રીતે સાવચેતી છે માટે આગળથી મારી માલ મીલકતનું વસીયતનામું કરી

મુકું છું તેની મતલબ એ છે કે પછવાડેથી તકરાર પડે નહીં મારી મીલકતનો આંકડો હાલ નીચે મુજબ છે.

૫૦૦ ઘર એક રહેવાનું મોજે ગોડાદરામાં બ્રાહ્મણ ફળી મધે પા. જેશંકર ક-રૂણારામની જોડેનું તેની કીંમત આશરે રૂપીઆ ૫૦૦ અંકે પાંચસે.

૧૦૦ ઘર એક કોડાંયું મોજે ગોડાદરામાં ભીલવાડા નજીક ભીલ જગતીઆ ભગલાના ઘરની જોડે તેની કીંમત આશરે રૂપીઆ ૧૦૦ સો.

૨૭૫ ગાડું તથા બળદની જોડ ૧ એક મળીને કીંમત આશરે ૨૭૫ પો-ણી ત્રણસેં.

૭૦૦ ઘરેણું મારૂં તેની જુદી યાદી કરી તેની ઉપર મેં સહી કરી આપી છે તે મુજબ કીંમત ૭૦૦ સાતસેં.

૧૦૦૦ ઘરનો પરચુરણ સામાન પેટી પટારા વાસણ કુસણ લુગડાંલતાં વિગરે જંગમ મીલકત સઘળી મળીને કુલ કીંમત આશરે રૂપીઆ ૧૦૦૦ હજાર એકની

૨૦૦૦ ખેતરાં નંબર ૪૫, ૫૭, ૫૯, ૬૫ એના અનુક્રમે એકર ૬-૫) ૩-૪) ૫-૮) ૬-૧૧) એ રીત કુલ નંબર ચાર મળી એકર ૧૯ ને ૨૮ ગુંઠા મોજે ગોડાદરાની સીમના કે જે સરકારી દફતરે મારે નામે ચાલે છે તે તેની કીંમત આશરે રૂા. ૨૦૦૦ બે હજારની.

૪૦૦૦ રસીદની ટીકેટ વાળા ખાતાં તથા ખત મળીને નંગ ૭૫ છે તેના સ-ર્વે મળીને રૂપીઆ ૪૦૦૦ લેણા છે.

૨૦૦૦ ભરૂચ વાળા મોરીસસ કંપનીના જીનમાં મારો અર્ધાઆનો ભાગ છે તે. • શેકરા છે

૮૫૭૫

ઉપર લખ્યા પ્રમાણે મારી સર્વે પુંજી રૂપીઆ ૧૪૫૭૫ ની છે તેની વ્યવસ્થા નીચે મુજબ કરૂં છું.

...મારા નાતના ચાર સારા ગ્રહસ્થ નામે પા. જીવરામ વણારસી તથા પા. પ-સોતમ જડુરામ તથા પા. માધવરામ હરીકૃશન તથા પા. બાપુ કેશવ એમના ઉપર મારો પુરો ભરોસો છે માટે તેમને પંચ ઠરાવ્યા છે તેમની સલાહ લઈને મારો નાનો ભાઈ નામે રાજારામ માધવરામ કામ ચલાવે.

...મને કજારજા થાય તો નીચે મુજબ મારી મીલકતની વ્યવસ્થા કરવી.

...૦ મારી સ્ત્રીના કબજામાં આપવાના તે.

૧૦૦ ઘર રહેવાનું તથા કોડીયું મળીને.

૧૦૦૦ પરચુરણ સામાન જંગમ મીલકત સઘળી.
૪૦૦૦ ખત ખાતાં વિગરેની મારા ભાઇ તથા પંચોએ મળીને ઉઘરાણી કરી મારી સ્ત્રીના કબજામાં વ્યાજ સાથે આપવા.
૫૦૦ રોકડામાંથી આપવા.
૭૦૦ ઘરાણું જે યાદીમાં બતાવ્યું છે તે સઘળું.
૬૮૦૦

૧૫૦૦) ઉત્તર ક્રિયા કરવામાં વરસ દહાડા સુધીની.
૧૦૦૦) જ્યાં સારા બંદોબસ્ત વાળું સદાવ્રત ચાલતું હોય તેમાં જમે કરાવવા.
૧૦૦૦) મચકુર ગામ તળાવને આરો નથી માટે સારો છોબંધ આરો બંધાવવો.
૨૭૫) ગાડું તથા બળદની જોડ ૧ એક મારી બેનના દીકરા મથુર જીવણજીને આપવું.
૨૦૦૦) ખેતરો મારે નામે ચાલતા નંબર ૪) તે આ વસીયતનામાના પંચોની અનુમતે વહીવટ કરનાર મારા ભાઇ રાજારામ માધવરામને આપવાંને તેમને ખાતે કરાવવાને મારી સ્ત્રીએ કબુલત આપવી ને ન આપે તો પણ મારા ભાઇને નામે થાય.
૨૦૦૦) ભરૂચની માઈલસ કુંપનીના જીન પૈકીનો ભાગ મારી બાર માસની સરાવવા વિગરેની ક્રિયા મારા મોટાભાઇનો દીકરો જગજીવન બાપુ કરે તેના પેટામાં તેને આપવો
૧૪૫૭૫

ઉપર પ્રમાણે સર્વે હકીકત લખ્યા પ્રમાણે એ વ્યવસ્થા મારો ભાઇ કરે અને તેણે ચોખ્ખો હિસાબ રાખી તેના ઉપર ઠરાવેલા પંચોને દેખાડી તેના ઉપર તેમની સહી લેવી અને ઉપર જણાવેલી જે આપવાની રકમ કહી છે તે રકમ મારી ધણીઆણીને પણ બરાબર રીતે સોંપવી તેમાં કાંઇ હરકત કરવી નહીં.

ફારગતી.

સંવત ૧૯૩૮ ના જેઠ વદી ૧૨ તા. ૧૩ મી જુન સને ૧૮૮૨ ને દીને મોજે દારા તાલુકે આમોદના રેહેવાશી પા. બેચર લીકમ જોગ લી॰ મેં જે મજકુરના રહેવાશી પા. છીભાઇ બેચર જત અમારૂ તમારી પાસે જે લેણું ગીરોના ખતથી તથા બીજાં અંગાઉ ખતથી તથા ખાતાની રૂઇથી જે હતું તે સઘળું આજ સુધીનું ભરી પુરીને અમોને પોહોચ્યું છે હવેથી તમારે અમારે કંઇ પણ જાતનું લેણું દેણું રહ્યું નથી માટે તેની મેં મારી રાજી ખુશીથી તથા અક્કલ હોશિઆરીથી આ ફારગતી લખી આપી છે તે કબુલ મંજુર છે

૧૫ રસીદ.

આમોદ તાલુકાનું ગામ મોજે દોરાના પોલીસ પટેલ ઈશ્વર જીજીભાઈ જોગ લી. મોજે ધમણાદના રહેવાશી કુંભાર ઓધવ જેઠા જત તમોએ મારી પાસેથી તા. ૧ લી જુન સને ૧૮૮૨ ને રોજ નળીઓ નંગ ૨૦૦૦) બે હજાર તમારા ગામના ચોરાને માટે ખરીદ કરેલી તેની કીંમતના રૂ ૧૦) અંકે દશ મને પોહોચ્યા છે તેની આ રસીદ લખી આપી છે તે ખરી છે તા. ૧૩ મી જુન સને ૧૮૮૨.

કુંભાર ઓધવ જેઠા સહી

ખાતુ પાડી લેવાની રીત (નામજોગી)*

મોજે આમોદ તાલુકાનું ગામ મોજે દોરાના રેહેવાસી પા. ઈશ્વર નારણને મોજે વલણના શા. વીરચંદ ફતેહચંદ પાડી આપેલું ખાતું

ર	ઉ
	૯૯) સંવત ૧૯૩૮ના જેઠ વદી ૧૨ ૯૯) અંકે નવાણું રૂપિઆ પોહોંચ્યાં સરકાર ચલણી રોકડા લઈ આ ખાતું પાડી આપ્યું છે તે કબુલ મંજુર છે.

૧ શા. વીર | ૧ આનાના ટીકીટ ચંદ ફતેચંદ સહી | દા. પોતાના

ઓરતને આપવાની ફારગતી.

સંવત ૧૯૩૮ ના જેઠ વદી ૮ તા૦ ૯મી જુન સને ૧૮૮૨ને દીને મોજે કેરવાડા તાલુકે આમોદના રહેવાશી પા. જીજીભાઈ ઝવેરભાઈ જોગ લી૦ મોજે કાવી તાલુકે જંબુસરના પા. વાઘજી વીઠલ જત હું મારી રાજી ખુશીથી લખી આપું છું કે મારી ઓરત નામે કંકુ મોજે કુડાદરાના પા. મેઘજી માધવની દીકરી કે જેનો મારી સાથે ધણીઆણીનો સંબંધ હતો પરંતુ મારે અને એને નહીં બનવાના સબબથી આ ફારગતી લખી આપી ધણીઆણીનો સંબંધ તોડુ છું.

૨. મને લગ્ન સંબંધી લાગેલો ખર્ચ આપી તમોએ મારું મન મનવ્યું

* શાહા જોગી ખાતુ એટલે ખાતુ પાડી આપનારનુંજ ફક્ત નામ આવે જેમકે પા. ફલાણા ફલાણાનું ખાતું

છે માટે તમારે એ ઓરતની સાથે કારજ કરવું હોય તો ખુશીથી કરો તેમાં મારે કંઈ હરકત નથી.

૩. એ સ્ત્રીના પીયેર તરફનું જે ઘરેણું વિગરે જે કંઇ હતું તે તેની પાસે છે ને જે મારા ઘર તરફનું હતું તે મને ભરી પુરીને પહોંચ્યું છે માટે હવેથી એ ઓરત ઉપર મારો કંઈ દરદાવો કે હક પોહોચે નહીં આ ફારગતી મેં મારી રાજી ખુશીથી તથા અકલ હોશિઆરીથી તથા બીન કહેથી લખી આપી છે તે કબુલ મંજુર છે.

અત ________________ સહી અત ________________ સાખ

ચાકરના બંદોબસ્તનું ખત.

સંવત ૧૯૩૮ ના જેઠ વદી ૯ તા. ૧૦મી જુન સને ૧૮૮૨ દીને મોજે દોરાના પા. ઇશ્વર જીજીભાઇ જોગ લી. મોજે મજકુરના ભીલ બાપજીઆ: ભાણીઆ હસ્નાન અએગઞ દત્તાન જત રૂપીઆ ૨૪) અંકે ચોવીસ સરકાર ચલણી પોલીઆ દેવા એ રૂપીઆ ને પેટે આજથી હું તમારે ત્યાં દર માસે રૂા. ૨) બેના પગારથી વરસ એક એટલે માસ ૧૨ સુધી ચાકર રહેવા સારૂં બંધાયેયો છું જો ઠરાવેલી મુદત અધુરી મુકી નીકળી જાઉં તો નીકળી ગયેલા પડેલાંની નોકરી કરેલીનો પગાર ઉપર મારો હક પોહોચે નહીં ને આજથી ઉપર લખેલા ચોવીસનું વ્યાજ માસે ૧] સત એક તેરીખ ટકા બે લેખે ચડે તે દીવાલી બાકી તથા અચાક માસ આવે તેના વ્યાજ સહીત એ રૂપીઆ ભરૂં સહી તે નોકરી કરે કરાવ્યાના જામીન એલેના ભીલ કોયલા દેવસો થયો છે તે નોકરી કરે કરાવે અથવા રૂપીઆ ભરે ભરાવે છુટે આ ખત અમારી અકલ હુશિઆરીથી લખી આપ્યુ છે તે કબુલ છે.

અત્ર ________________ મતુ અત્ર ________________ સાખ

કબાલો.

સંવત ૧૯૩૮ ના જેઠ વદી ૧૨ તા૦ ૧૩ મી જુન સન ૧૮૮૨ ને દિને મોજે કવીઠા તાલુકે ભરૂચના રહેવાસી પા. મોરાર ગોપાળ જોગ લા. ભરૂચ બંદરના રેહેવાસી શા ગીરધર ગંગાદાસ જત તમોને આપવાને અમોએ માલ દેવો કર્યો છે તેની વિગત.

ઘઉ કળશી ૪ હાંસોટીઆ સફાઇ દર કળશી ૧ ના રૂ. ૨૦) થી
ખાંડ કળશી ૧ સફેત મોરૂસીઆ દર મણના રૂ • સાત [illegible]

એણી વિગતે માલ દેવા કર્યો છે તે સંવત ૧૯૩૮ ના અસાડ સુદી ૯ ને દિવસે અમો તમોને જોખી આપીએ ઠરાવેલી મુદતે તમે લઇ જાઓ નહીં તો તમોએ અમોને બાનાગ્માં આપેલા રૂ. ૧૦) અંકે દસ તમારા જાય અને જો જોખી આપવામાં અમારા તરફની કસુર થાય તો તે બાબત તમોને જે નુકશાન થાય તે અમો ભરી આપાએ સહીં.

અત્ર ______ મતુ અત્ર ______ સાખ

શા. ગીરધર ગંગાદાસ સહી દા. પોતાના.

માલ મોકલ્યાનું ભરતીયું.

સ્વસ્ત શ્રી નડીઆદ મહાશુભસ્થાને શા. રણછોડ પરસોતમ જોગ શ્રી અમદાવાદથી લી. શા. વીરચંદ વછરાજના જેગોપાળ વાંચજો જત અત્રેથી તમારી વતી માલ ખરીદ કરીને તા૦ ૨૮-૫-૮૨ ને રોજ ગુડસટ્રેનમાં ચડાવ્યો છે તેનું ભરતીયું આજ કાગળમાં ઉતારી મોકલ્યું છે.

ઉ

૧૮૩) માલ મોકલ્યા બાબત.

૬૫॥= જગન્નાથીના તાકા નંગ બે દર રૂ ૧૨॥।- લેખે

૧૪।= મલમલના તાકા નંગ બે દર રૂ. ૭≡ લેખે.

૭૨ ધોતીજોડા મોટી કોરના રેશમી નંગ ૮ દર ૨૯) લેખે

૨૦।- છીંટના તાકા નંગ ૫ પાંચ દર રૂ ૪)- લેખે

૨૭।≡ જામદાનીનાં બેસ નંગ ૧૫ દર રૂ ૧।।- લેખે.

૨૦।। માધરપાટના તાકા નંગ ૪ દર રૂ ૫)= લેખે.

૧૭૬।

બા

૩।૦। ટકા બે લેખે વટાવના જાય.

૧૭૨।।≡।।। બાકી નક્કી મુંબાઇગરા અસલ કીમત.

૧૦। ના ખર્ચ માલ ઉપર ચઢયો તેની વિગત.

૩।૦। ગાંસડી બંધાવવા કંતરાણ. સુતળી, તથા લોઢાની પાટી તથા તે બંધાવવા વિગરેની મજુરી મળીને.

૨) બજારમાંથી સ્ટેશન સુધી લઇ જવાનું ભાડું.

૫) ગાડીનું નુર.

૧૦।૦।

રૂ. ૧૮૩ કુલ સરવાળો.

એણી વિગતે ભરતીકે ઉતારીને મોકલ્યું છે તથા રેલવે ગાડી ઉપર ચઢાવ્યા બાબતનું નુર અમોએ ભરયું છે તેની રસોદ પણ આ ભરતીઆ સાથે મોકલી છે તે પોચેથી તપાસીને જમે ખરચ કરીને જવાબ લખજો એજ સંવત ૧૯૩૮ ના જેઠ વદી ૧૨ ને વાર મંગળ.

પ્રકરણ ૨ જું.

બીગાડ બાબતની

ગરીબ પરવર સલામત.

સાહેબની જનાબમાં મોજે દ્વારા તાલુકે આમોદના રહેવાશી પટેલ ખખર છજીભાઇની અરજ એ છે જે મોજે મજકુરના રહેવાશી શેખ. ગીરધર ગોવીંદની પાસે મારૂ લેણું રૂપીઆ ૯૯ નું હતું તેનો અંગાકે દસ્તાવેજ હું તા૦ ૫ મો જુનને રોજ મારા હાથમાં ઝાલીને મારા ઘર આગળ ઉભો રહીને જોતા હતો એટલામાં મોજે મજકુરના શેખ अ ब એ આવીને મારી પાસેથી તે દસ્તાવેજ ઝડપ મારીને લઇ લીધો ને તેના ટુકડે ટુકડા કરી નાંખ્યા તે ટુકડા પોતાના હાથમાં લઇને કંઇક જતો રહ્યો એવી રીતે તેણે મારા રૂપીઆ નવાણું નો બીગાડ કર્યો છે તેને માટે તેને યોગ્ય નશીયત મળવા મારી અરજ છે.

તે બાબતના સાક્ષી મોજે મજકુરના अ ब તથા क ड છે તે પુછવાથી ખરી હકીકત જાહેર પસે એજ અરજ તા૦

ગ્રહપ્રવેશ.

ગરીબ પરવર સલામત.

સાહેબની જનાબમાં મોજે પખાજણ તાલુકે વાગરાનો રહેવાશી પા૦ નાગજી માધવજીની અરજ એ છે જે મોજે મજકુરના રહેવાશી પા ખખર કુબેર મને મારવાનો ઇરાદો રાખીછે મારા રેહેવાના ઘરમાં પેઠો પરંતુ મારા ઘરમાં બી

જા માણુસો બેઠેલા હતા તેથી મને મારવાનો લાગ મળ્યો નહીં તેથી મારા ઘર વચ્ચે ઉભો રહી મને ઘણી બેઅદબી ગાળો દીધી તે વખતે મારા ઘરમાં મોજે મથકુરના રહેવાશી પા. अ ब તથા क ड બેઠેલા હતા તેને પુછવાથી ખરી હકીકત માલમ પડશે એ રીતે મારા ઘરમાં સદરહુ પ્રવેશ કરી ગાળો દીધા બાબત સદરહુ ઇશ્વર કુબેરને લાયક સજા મળવા વિશે બંદોબસ્ત થવો જોઇએ.

લુંટયા બાબત.

ગરીબ પરવર સલામત.

સાહેબની જનાબમાં મોજે કેળોદ તાલુકે ભરૂચના રહેવાશી નીચે સહી ઓના કરનાર પા. ઓધવ પ્રેમજીની અરજ એ છે કે મારા ગામથી તા૦ ૧૫ મી જુન સન ૧૮૮૨ ને રોજ હું તથા મારી ધણીઆણી તથા મારો ચાકર નામે ભીમો તથા મારો દસ વરસનો છોકરો એ રીતે ગાડુ જોડીને ભરૂચ જતાં હતાં તે દરમ્યાન દયાદરાની સીમમાં આશરે સાંજના છ વાગ્યાને સુમારે ચાર હરામખોરો આવી અમોને માર મારી અમારી જણુસો વિગરે લુંટી લીધું તથા અમારા તન ઉપરનાં પણ તમામ લુગડાં ખેંચી લીધાં તેથી અમે ચારે નવસ્ત્રાં મોજે દયાદરામાં જઇને વોરા પા. अ ब ની પાસેથી તેમનાં લુગડાં માગી લઇને અમે પોહોંચ્યાં એ લુંટ બાબત મેં દયાદરાના પોલીસ પટેલને તુરત જ જાહેર કરયું પરંતુ તે પટેલે તે બાબત તપાસ કરી નહીં તેમજ મને રીપોર્ટ પણ કરી આપ્યો નહીં તેને માટે મારે અરજ કરવાની કે તે બાબત તપાસ થવી જોઇએ તેમજ તે હરામખોરોને પકડીને મારી જણુસો વિગરે મને પાછો મળવા તથા તેઓને લાયક સજા થવાનો બંદોબસ્ત થવો જોઇએ.

અમારી ગએલી ઘરેણાનો જણુસો વિગરેની યાદી આ અરજી સાથે સામીલ કરી છે. એજ અરજ તા૦ ૧૧ મી જુન સન ૧૮૮૨

સહી ————————————

હથિયાર માગવા બાબત અરજી.

સરકાર મેહેરબાન પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ સાહેબ

બહાદુર જોગ

ભરૂચ.

જનાબમાં અરજદાર મોજે ધમણાદ તાલુકે આમોદના રહેવાશી ગરાશીઆ અમરસંગ તખતસંગની અરજ એ છે કે મારી વાંટાની જમીન ઘણા ગામોમાં આવેલી છે તેથી મારે તેનાં ગણોત લખી લેવાને માટે તથા ખેડુતો પાસેથી દાણાના પૈસા વસુલ કરવા જવું પડે છે ત્યાંથી મારે તથા મારા નોકરોને

જોખમ લેઇને વગર હથિયારે આવતાં મનમાં ઘણીવાર દેહેસત રહે છે વળી કેટલાંક ગામોમાં મારૂ માગણું ઘણું છે તેથી મારી ઉઘરાણી કરવા દરરોજ મારા નોકરોને જવું પડે છે તેથી મારે હથિયારની ઘણી જરૂર છે.

વળી મારે નાદોદ વિગરેના ઠાકોરો સાથે સંબંધ છે ત્યાં મારે વારંવાર જવું પડે છે ત્યારે વગર હથિયારથી જતાં મોટી સરમ લાગે છે સબબ હથિયાર એ અમારૂં ભુષણ છે માટે ખુદાવંત સરકારે મહારી અરજ ઉપર નીઘા રાખી તરવાર નંગ ૫) પાંચ તથા બંદુક નંગ ૪) ચાર એ રીતે હથિયાર નંગ ૯) ના પરવાનો આપવાની મારા ઉપર મેહેરબાની કરવી જોઇએ એજ અરજ.

મારામારીની અરજી.

ગરીબ પરવર સલામત.

સાહેબની જનાબમાં કસબે આમોદના રેહેવાસી શા. વીરચંદ કપુરચંદની અરજ એ છે કે તા૦ ૧૫ જુનને રોજ સાંજના આસરે ૪ વાગતાને સુમારે મને કસબે આમોદના રહેવાસી શા. માણેકચંદ કેસવજીએ મારી જોડે એકાએક કજીઓ કરી મને કેટલેક કચર માર માર્યો તેથી મારૂ શરીર એવું અશક્ત થઇ ગયું છે કે મારાથી ઉઠો શકાતું નથી વળી મારા શરીર ઉપર કેટલાક લાકડાઓના ઝપાટા માર્યા છે તેના લીલાઝામા પણ મારા શરીર ઉપર પડેલાછે તે સાહેબ નજરે જોશો તો માલમ પડશે તે વખતે મને મારતાં મુકાવનાર કસબે મજકુરના શા. વીરજી પ્રેમજી તથા વીઠલ વસ્તા છે તેઓને પુછવાથી ખરી હકીકત માલમ પડશે. એ સિવાય બીજા લોકો પણ ઘણા હતા. પરંતુ મને તેઓનાં નામ હાલ યાદ નથી માટે યાદ આવેથી પુરાવામાં રજુ કરીશ મને એ રીતે માર મારવા બાબત તપાસ કરી સદરહુ માર મારનારને યોગ્ય નસીયત મળવી જોઇએ. તા૦ ૧૬ જુન સન ૧૮૮૨

હુંગામા બાબત.

ગરીબ પરવર સલામત.

સાહેબની ખીજમતમાં મોજે દોરા તાલુકે આમોદના રહેવાસી પા. મોરાર નથુની અરજ એ કે તા૦ ૧૫ મી અગસ્ટની સાંજના આસરે ૭ સાત વાગતાંને સુમારે મારા ઉપર નીચે લખેલાં માણસો એકઠાં થઇ મારા ઉપર ધસી આવીને મને ઘણો માર માર્યો તે માણસોમાંથી મને જેટલાંનાં નામ યાદ છે તેનાં નામ નીચે પ્રમાણે.

૧ ગોપાળ લાલા. ૩ વાઘજી ચાનજી.
૨ ગોવીંદ વીઠલ. ૪ દામોદર હરીભાઈ.

ઉપર લખેલા સખસો મારા ઉપર એકાએક તુટી પડ્યા ને ગને કેટલોક માર માર્યો. એ ટોળામાંથી છટકી જઈ હું ઘરમાં પેસી ગયો ન હોત તો બેશક મને મારી નાખત. ઉપર લખેલા માણુસો સિવાય બીજાં માણુસો હતાં પણ તેમનાંનામ યાદ નથી તે યાદ આવેથી હું રજુ કરીશ.

તે બાબતના મારા સાહેદ મોજે મજકુરના अ ब તથા क ड છે તેમને પુછવાથી ખરી હકીકત માલમ પડશે તા૦ ૨૧ અગસ્ટ સન ૧૮૮૨

તીરસ્કાર બાબત.

ગરીબપરવર સલામત.

સાહેબની ખીજમતમાં કસબે નડીઆદના રેહેવાસી પા. મોરારજી જીવણજીની અરજ એ છે કે કસબે મજકુરના રેહેવાસી પા. ધુળજી દાજીભાઈએ મને તા૦ ૧૨ જુનને રોજ બજાર વચે મને કેટલાક હુંકારા હુંકાગ કરી બેઅદબી ગાળો દીધી તેને મેં બીલકુલ જવાબ દીધો નહી તેને માટે તેને યોગ્ય નશીત થાય એવી મારી અરજ છે તે બાબતના સાક્ષી કસબે મજકુરના રેહેવાસી अ ब તથા क ड છે તેને પુછવાથી ખરી હકીકત માલમ પડશે તા.

અપમાન લગાડયા બાબત.

ગરીબપરવર સલામત.

સાહેબની જનાબમાં મોજે દોરા તાલુકે અમોદના રેહેવાસી પા. अ ब ની અરજ એ છે કે મોજે મજકુરના રેહેવાસી પા. क ड એ મારી ગેરઆબરૂ થવાને સારૂ તા૦ ૧૦ મી જુન ને દિવસે રાતના મારા વિશે એક જાહેરનામું ચોઢયું છે તેમાં કેટલાક બેઅદબી શબ્દો લખેલા છે તે આ અરજી સાથે સામેલ કરી આપની તરફ મોકલ્યું છે તેને માટે સદરહુ क ड ને યોગ્ય નસીયત થવા મારી અરજ છે તા.

ગેરવ્યાજબી અટકાવ.

ગરીબપરવર સલામત.

સાહેબની જનાબમાં મોજે દોરા તાલુકે આમોદના રેહેવાશી સાની નથુ

માધવની અરજ એ છે જે મજકુર ગામમાં મારૂ ઘર દરજી ફળીઆમાં આવેલું છે જેમાં હું હમેશ રહું છું તે ઘરમાંથી બહાર જવા આવવાને મજકુર ફળીયામાં પા. ઓધવજી માધવજીના ઘર આગળ થઈને અનાદીનો રસ્તો છે તે સખસે જાણી જોઇને ગાડું આડું રાખીને મને મારા ઘર આગળ જતાં ગેરવ્યાજબી અટકાવ્યો ને એ રીતે હમેશાં પણ અટકાવ કરે છે તેને માટે તેને યોગ્ય નશીયત મળવા મારી અરજ છે તે બાબતના સાક્ષી મોજે મજકુરના अ ब તથા क ड છે તેમને પુછવાથી ખરી હકીકત માલમ પડશે તા.

ગેરવ્યાજબી કેદ.

ગરીબપરવર સલામત.

સાહેબનો જનાબમાં કરણે નડીઆદના રેહેવાશી શા. ગોપાળ જગજીવનની અરજ એ છે જે હું તા૦ ૧૦ ફેબ્રુવારીના રોજ સવારના આશરે ૭ સાત વાગવાને સુમારે સલુણની ભાગોળે લાકડાંની હેલો લેવાને ગએલો ત્યાંથી મેં બે હેલો ખરીદ કરી ગાડાં હંકાવી તેજ ભાગોળના દરવાજાની નિચે થઇ ઘેર આવતો હતો તે વખતે પોલીસના સિપાઇ પટો નંબર ૫૭, ૫૯ ના બે બેઠેલા હતા તેમણે મારી હેલોમાંથી લાકડાં ખેંચવા માંડયાં તે વખતે મેં તેમને ના કહી ત્યારે તેમાંના નંબર ૫૭ વાળાં સિપાઇએ મને થપડ મારી તેથી મારી પાઘડી પડી ગઇ એટલામાં નંબર ૫૯ વાળા સિપાઇએ મને પકડીને તેમની રાંધવાની ઓરડીમાં ઘાલી દીધો અને કહ્યું કે અહીંથી ઉઠીશ તો તને માર પડશે તેથી મારે લાચારીથી બેસી રહેવું પડયું ત્યાર પછી સાંજે આશરે ચાર વાગ્યાને સુમારે મને કાઢી મુકયો. એવી રીતે તેમણે ગેરવ્યાજબી કેદ કર્યો તેને માટે સદરહુ બે સિપાઇઓને યોગ્ય નશીયત થવા મારી અરજ છે તે બાબતના મારા સાહેદો કસ્બે મજકુરના अ ब તથા क ड છે તેમને પુછવાથી ખરી હકીકત જાહેર થશે એજ અરજ તા.

ધોરી રસ્તા ઉપર નાત બેસાડવાની.

મેહેરબાન નડીઆદ મ્યુનીસીપાલીટીના

સેક્રેટરી સાહેબ.

જનાબમાં કસ્બે મજકુરના રહેવાશી શા. માણેકચંદ મથુરચંદની અરજ એ છે જે મારે ઘેર નાત વરો છે તેથી મારી જ્ઞાતિના લોકોને જમવા બેસવા

ને માટે મારા ઘરની આગળ ધોરી રસ્તા ઉપર બેસાડવાને તા૦ ૧૫ મીથી તા૦ ૧૭ મી એપ્રીલ ૧૮૮૨ સુધી દિવસ ત્રણની પરવાનગી આપવાની મેહેરબાની કરશોજી તા૦

ઘરનો સામાન ધોરી રસ્તા ઉપર નાંખવાની.

મેહેરબાન નડીઆદ મ્યુનીસીપાલીટીના
સેક્રેટરી સાહેબ,

જનાબમાં કરએ નડીઆદના રેહેવાશી થા. ગીરધર ગોપાળની અરજ એ છે જે મારા ઘરનો કરો ઉતરાવવો છે અને મારૂ ઘર ઘણું સાંકડું છે. તથા ઘરમાંથી વાસ કાઢી લેવાને બીજું ઘર પણ નથી માટે તેનાં રોડાં વિગરે બહાર નાંખવાની પરવાનગી આપવાની મેહેરબાનીની રાહે તસ્દી લેશોજી એજ અરજ તા૦

મોટા ભાઈની જોડે નામ દાખલ કરાવવાની.

ગરીબપરવર સલામત.

સાહેબની જનાબમાં અરજદાર મોજે દોરા તાલુકે આમોદના રેહેવાસી પા. ઇશ્વર ભાઇજીની અરજ એ છે જે મોજે મજકુર ગામના સરકારી દફતરે મારા પીતા પા. ભાઇજી બાવાભાઇને નામે મજકુર ગામની સીમની સરકારી જમીન આજ સુધી ચાલતી હતી પરંતુ મારા પીતા વરસ એક થયાં ગુજરી ગયા છે તેમનો હું તથા મારો મોટો ભાઇ દરૂભાઇજી એ રીતે જણ બે વારસ છીએ પરંતુ સરકારે મારી કબુલાત લીધા વગર મારા ભાઇ એકલાને નામે સઘળી જમીન ચઢાવી દીધી છે તેને માટે મારે અરજ કરવાની કે મારો મોટો ભાઇ ખાતા ઉપર પોતાનું એકલું નામ દાખલ થવાથી મારે હિસ્સે આવેલાં ખેતરો ખેડવાને મને વારંવાર ઇજા દે છે, માટે ખુદાવંત સરકારે મુજ ગરીબની અરજ ઉપર નીઘા રાખી મારા પિતા ભાઇજી બાવાભાઇની જમીનના ખાતામાં મારા ભાઇના નામની જોડે એક સીધી લીટીમાં મારૂં નામ દાખલ કરવું જોઇએ અને સરકાર તરફથી મોજણીદાર મોકલી અરધો અરધ જમીન કરી આપી બંનેનાં ખાતાં જુદાં પાડવાં જોઇએ.

સદરહુ મોજણીદારનો ખરચ હું સરકારને આપવા કબુલ છું માટે મેહેરબાનીની રાહે મારી તકરારનો નીકાલ કરશો એવી મારી અરજ છે તા૦

બાપનું ખાતું દીકરાને નામે કરાવવા બાબત.

સાહેબની જનાબમાં અરજદાર મોજે વાસણા તાલુકે આમોદના રેહેવાશી પા. વાઘજી જીવણની અરજ એ છે કે મારા પીતા જીવણ રઘનાથને નામે મોજે મજકુર ગામના સરકારી દફતરે કુલ નંબર ચારની જમીન ચાલે છે પરંતુ મારા પીતા વરસ બે થયાં ગુજરી ગયા છે અને કોઇની તકરાર નહી છતાં પણ તે મારે નામે દાખલ.થઇ નથી માટે તે સઘળી જમીન મારે નામે દાખલ થવી જોઇએ મારા સિવાય મારા પિતાને બીજો દીકરો નથી માટે મારે નામે દાખલ થવા તાકીદ થવો જોઇએ એજ અરજ.

ગએલું મતું મેળવવા બાબત.

ગરીબ પરવર સલામત.

સાહેબની જનાબમાં અરજદાર મોજે વાગરા તાલુકે મજકુરના રેહેવાશી પા. મીઠાભાઇ કુંવરજીની અરજ એ છે જે મોજે મજકુર ગામમાં પા. નરોતમ વાનજીને નામે મતુ ચાલતું હતું તે સન ૧૮૬૭ ની સાલમાં અપુત્ર ગુજરી ગયા તે મારા સગા મામા થાય છે માટે તેમણે મરતા પેહેલાં મને પોતાની સઘળી મિલકતનો વારસ ઠરાવેલો છે અને તેમના મરણની ઉત્તર ક્રિયા વિગરે કારજ પાણી મેં કરેલું છે અને તેમની સઘળી સ્થાવર જંગમ મિલકત મારા કબજા ભોગવટામાં છે અને મારે નામે ચાલે છે પરંતુ મારા મામાને નામે મતું ચાલતું હતું તે મારે નામે ચાલતું નથી તેનું કારણ હું બરાબર જાણતો નથી સબબ હું આજ સુધી નાની ઉમરનો હતો તેથી મને તેની કંઇ ખબર નહોતી. મારા મામા નરોતમ વાનજીને નામે ચાલતું હતું એવું હાલ મારા જાણવામાં આવવાથી સાહેબને અરજ કરૂં છું કે તે મતુ મારા નામ ઉપર દાખલ થવા મેહેરબાનીની રાહે બંદોબસ્ત કરશો. તા૦

વારાની રૂઇએ પટેલી માગવા બાબત.

ગરીબપરવર સલામત.

સાહેબની ખીજમતમાં અરજદાર મોજે દોરા તાલુકે આમોદના રહેવાશી શેખ ઇશ્વર નારણની અરજ એ છે કે મોજે મજકુર ગામમાં ઉઘરાતદારી પાંચ પાંચ વરસના વારાની રૂઇએ ચાલે છે પરંતુ હાલ પા. ભવાન મોહનને ઉઘરાતદારીનું કામ મળે વરસ ૭ થવા આવ્યાં તોપણ વારાની રૂઇએ તે કામપર બીજાને નીમવાનો બંદોબસ્ત થએલો નથી.

અમારા ગામમાં પાટીદાર તથા સેખ એ રીતે બે વર્ગના લોકો મુખ્યત્વે કરીને મતાદાર પટેલો છે તેમાં આજ દિન સુધી ઉઘરાતદારી તથા પોલીસ અમલદારી અમારા શેખ વર્ગમાં આવી નથી તેને માટે મારે અરજ કરવાની કે સદરહુ ઉઘરાતદારીની જગો ઉપર મને નીમવા મેહેરબાની કરશો.

હું સરકારી નિશાળમાં છઠા ધોરણ સુધી ભણેલો છું અને મારી પાસે સેકંડ ક્લાસ પબ્લિક સરવીસ સરટીફીકેટ પણ છે માટે ખુદાવંત સરકારે મુજ ગરીબની અરજ ઉપર નીઘા રાખી સદરહુ ઉઘરાતદારીપર મને નીમવાની મેહેરબાની કરશો એજ અરજ તા૦ .

દારૂખાનું ફોડવા બાબત.

ગરીબપરવર સલામત.

સાહેબની જનાબમાં અરજદાર મોજે આગુીદરા તાલુકે અંકલેસ્વરના રહેવાશી પા. ઓધવ નરોતમની અરજ એ છે કે મારા દીકરાનાં લગન તારીખ ૧૫ મી એપ્રીલ સન ૧૮૮૨ ના રોજ છે તેની જાન હાંસોટ તાલુકાનું ગામ મોજે છીલોદરા ગામમાં જવાની છે માટે તે ગામમા તા૦ ૧૫-૧૬ અને ૧૭ એ રીતે દિવસ ત્રણ બંદુકો તથા દારૂખાનું ફોડવાની પરવાનગી આપવાનો મેહેરબાની કરશો.

હુકમ મજેથી દારૂખાનું જાપતા સાથે ફોડવામાં આવશે માટે અરજદારને તાકીદેથી હુકમ હાંસલ થશે. એવી આશા છે તા૦

ઈંટોનો પંજાવો સીકવા બાબત.

ગરીબપરવર સલામત.

સાહેબની જનાબમાં અરજદાર મોજે દોરા તાલુકે આમોદના રેહેવાસી પા. પરસોતમ ઓધવની અરજ એ છે કે મારે ઈંટો પાડવાની જરૂર છે માટે સ.. ગામ ગભાણુમાંથી માટી લઈ જઈ ગામ આથમણી બાજુએ ખારાજ જમીનમાં ઈંટો પાડી ત્યાંજ આગળ પંજાવો સીકાવવાની પરવાનગી આપવાની મેહેરબાની કરશો એજ અરજ તા૦

પારકે ખાતે ચાલતું પોતાનું ખેતર પોતાને નામે ચેઢાવવા બાબત.

ગરીબપરવર સલામત.

સાહેબની જનાબમાં અરજદાર મોજે પમણાદ તાલુકે આમોદના રેહે-

વાસી પા. મેઘજી માધવની અરજ એછે કે મોજે મજકુર ગામની સીમનું સરવે નંબર ૪૫ મધેનું ખેતર એકર ૪-૫ ગુંઠા મારૂં માલકીપણાથી મારા બાપદાદા તથા મારા પોતાના પણ કબજા ભોગવટામાંછે પરંતુ હિસ્સા માપણી વખતે મોજણીદારે ભુલથી મોજે મજકુરના પા. ધનજી ધીરાને નામે દાખલ કરી દીધું છે તેને માટે મારે અરજ કરવાની કે સદરહુ નંબર ૪૫ મધેનું ખેતર એકર ૪-૫ ગુંઠા મારે નામે દાખલ કરશો એવી મુજ ગરીબ આદમીની અરજ છે તા.

નિર્વંશીનો વારસ થવા બાબત.

સાહેબની જનાબમાં અરજદાર મોજે દારા તાલુકે આમોદનો રેહેવાસી પા. જીભાઇ નરોતમની અરજ એ છે કે મોજે મજકુર ગામના સરકારી દફતરે પા. જીવણ રઘનાથને નામે મોજે મજકુરની સરકારી ખાતાની જમીન ચાલે છે પરંતુ માસ નવેક થયાં તે ગુજરી ગયા છે અને તેમને દીકરો યા દીકરી કંઇ નથી અને તે મારા કાકાના છોકરા એટલે મારા પીતરાઇ થાય છે માટે મારા શિવાય તેમનો બીજો કોઇ વારસ નથી.

વળી તેમની જીવતાં મેં ચાકરી બજાવી હતી અને ગુજરી ગયા પછી તેમની સઘળી ઉત્તર ક્રિયા તથા દિવસ પાણી વિગરેનો ખરચ મેં કરેલો છે માટે સદરહુ પા. જીવણ રઘનાથને નામે ચાલતી સઘળી જમીન મારે ખાતે ચઢાવવી જોઇએ એવી મુજ ગરીબ આદમીની અરજ છે.

મારા કુટંબની વંશાવળીનું ખુરસીનામું સાહેબ મંગાવશે તો રૂબરૂમાં રજુ કરીશ એજ અરજ તા૦ ૫ મી જુન સન ૧૮૮૨.

સહી.

તલાવ ખોદાવવાની.

સાહેબ મેહેરબાનની હજુરમાં મોજે દારા તાલુકે આમોદના રહેવાશી નીચે સહી કરનાર રૈયત સમસ્તની અરજ એ છે કે મોજે મજકુરનું ગામ તલાવ ઘણાં વર્ષ થયાં અંદર ખોદાણ નહી થવાના સબબથી પુરાઇ જઇ છછરૂં થઇ ગયું છે તેથી તેમાં પાણીનો ભરાવો રહેતો નથી અને ફાગણ પુરો થતાં અવલ તો સુકાઇ જાય છે તેથી અમારાં ઢોર તથા સરવે પ્રાણી માત્રને ઘણી ઇજા પડે છે.

એ મારૂં ગામ વડોદરેથી ભરૂચ જતાં આવતાં ધોરી માર્ગમાં આવેલું છે તેથી વટે માર્ગુ તથા જતા આવતા મુસાફર લોકોને તલાવમાં પાણી નહીં

હેવાના સબબથી ઘણી ઇજા વેઠવી પડે છે. માટે દયાળુ સરકારે મજકુરનું તળાવ ખોદાવવાને બંદોબસ્ત કરવો જોઇએ એવી અમારી અરજ છે.

મજકુર ગામની રૈયત હાલ ગરીબી હાલતમાં છે માટે સરકારને રોકડાં નાણાંની મદદ અમે કરી શકીએ તેમ નથી પરંતુ સરકારની મદદ મળશે તેની સાથે રૈયત મદદમાં અમે જાત મહેનત કરી રૂ ૨૦૦) સુધીનું ખોદાણ કરી આપીશું માટે સરકારે મેહેરબાની કરી મજકુર ગામની ગરીબ રૈયતનાં પાણીની તંગાશ મટાડવા આ અમારી અરજ નીગાહમાં લેશો એજ અરજ તા૦

બગડેલા સ્ટાંપની.

ગરીબપરવર સલામત.

સાહેબની જનાબમાં અરજદાર પા. બાપુ ખુશાલ રહેવાશી મોજે દોરા તાલુકે આમોદનો જાતે શેખ ધંધો ખેતીનો તે હું સાહેબને અરજ કરૂં છું કે મેં કસબે આમોદના સ્ટાંપવેંડરની દુકાનેથી તા૦ ૧૫ મી જુન સન ૧૮૮૨ ને રોજ રૂ. ૧૦) અંકે દસનો સ્ટાંપનો કાગળ ખરીદ કરેલો તે કાગળ બગડવાના સબબથી મારા ઉપયોગમાં આવ્યો નથી અને તેના ઉપર સહીઓ પણ થએલી નથી માટે સદરહુ બગડેલા સ્ટાંપની કિંમત મેહેરબાનીની રાહે મને પાછી મળવા બંદોબસ્ત કરશો એવી મુજ ગરીબ આદમીની અરજ છે તા૦

સદરહુ બગડેલો સ્ટાંપનો કાગળ આ અરજ સાથે સામેલ કરી આપની હજુરમાં મોકલ્યો છે એજ તા૦ ૨૭-૬-૮૨

ઇન્તેખાબ લેવાની,

ગરીબપરવર સલામત.

સાહેબની જનાબમાં કસબે આમોદના રહેવાસી શા. વીરચંદ વેણીચંદની અરજ એ છે કે મોજે દોરા તાલુકે આમોદનો રહેવાસી પા. રઘનાથ નરોતમ ઉપર મારા લેણાનું હુકમનામું મુનસફ સાહેબની કોરટમાં થએલું છે તે કામમાં એની મિલકત વેચાવવાની દરખાસ્ત કરવાની જરૂર છે માટે સદરહુ રઘનાથ નરોતમની જમીન મોજે દોરા ગામની સીમમાં છે માટે તેના ખાતાનો ઇન્તેખાબ સન ૧૮૮૨ ના પાણી પત્રક અથવા કાયમ ખરડા ઉપરથી મને મળવો જોઇએ.

કાયદા પ્રમાણે ફી રજુ કરવા તૈયાર છું એજ અરજ તા.

આમોદના મામલતદાર સાહેબની કોરટમાં છ મહી નાની અંદરનો કબજો છોડાવવા માટે

ફરીયાદી નંબર

પક્ષકારોનાં નામ.	જાત.	ઉમર.	ધર્મ.	ધંધો.	રહેવાનું ઠેકાણું.
વાદી					
પરસોતમ ઓધવ	પાટીદાર	૨૫	હિંદુ	ખેતીનો	દેરા-
પ્રતિવાદી.					
ગોપાળ ગણેશ	”	૪૦	”	”	”

હું પરસોતમ ઓધવજી ઉપર કહેલા વાદીની અરજ એ છે જે

૧ મોજે દેરા ગામમાં મારૂં ખેતર સરવે નંબર ૪૫) નું મારી માલકીનુ છે તે પ્રતિવાદીએ મારી પાસેથી ગણોતની મિતીથી ૧ સાલ ગણોતે ખેડવા સારૂ રાખ્યું હતું તેનું ગણોત મને દેરા ગામમાં સંવત ૧૯૩૭ ના જેઠ વદી ૧૨ એટલે તા૦ ૨૭ મીને સને ૧૮૮૧ ને રોજ કરી આપ્યુ છે (ઘર હોય તો તેનું સારી રીતે ઠેકાણું બતાવવું.)

૨ ફરીઆદીનું કારણ તા૦ ૨૯ ને સમે ૧૮૮૨ ને રોજ ઉત્પન થયું છે.

૩ કેમકે સદરહુ ખેતરનો કબજો પ્રતિવાદીએ મને ગણોતમાં લખેલી સરત પ્રમાણે તા૦ ૨૯ મી મે સન ૧૮૮૨ ને રોજ આપવો જોઇએ તે છતાં મેં સદરહુ ખેતર છોડી દેવા વિશે નોટીસથી તથા મોઢેથી પ્રતીવાદીને ઘણીવાર ખબર આપી પણ સદરહુ ખેતરનો કબજો મને આપ્યો નથી માટે પ્રતિવાદી પાસેથી સદરહુ ખેતરનો કબજો મને અપાવો.

(અકરમાત કબજો લેઇ લીધો હોય તો એમ લખવું કે તે ઘરમાં પ્રતિવાદીએ વાસ પુરીને ગેરકાયદે મારો કબજો તોડયો છે અથવા ઢોર બાંધીને અને ખેતર હોય તો ખેડીને અથવા ઓરી દીધું એવી રીતે આ કલમ માં જાણવું.)

૪ સદરહુ દાવો સાબીત કરવાને માટે આ અરજમાં જણાવેલું ગણોતખાતું તથા બીજા દસ્તાવેજ વિગરે સરકાર ફરમાવશે તે દિવસે રજુ કરીશ પરંતુ નીચેનો યાદી પ્રમાણે સાક્ષીઓને સબંધ કરવા જોઇએ તે બાબતનું ભથું કાયદા પ્રમાણે હું આપવા તૈયાર છું.

પ્રકરણ ૩ જું.

ચીરેલા રૂપીઆ લેવા માટે.

જંબુસરના શી. ક. શ. જડજ સાહેબની કોર્ટમાં.

દીવાની ફરીયાદી નંબર   સંને ૧૮

પક્ષકારોનાં નામ	જાત	ઉમર આશરે વર્ષ	ધંધો	રહેવાનું ઠેકાણું.
વાદી				
ઈશ્વર જીજીભાઇ	લેઉઆ કણબી	૪૫	ખેતીનો	દોરા
પ્રતીવાદી				
નાગજી માનસંગ	ગરાસીઓ	૪૦	ખેતીનો	દોરા

હું ઈશ્વર જીજીભાઇ ઉપર કહેલો વાદી જણાવું છું કે

૧ મોજે દોરા ગામ મધે સંવત ૧૯૩૫ ના ભાદરવા સુદી ૮ એટલે તા. ૪ માહે સપ્ટેંબર સંને ૧૮૭૯ ને રોજ પ્રતિવાદીએ મને રૂપિઆ ૮૪-૪-૦ પાઇનું ખત લખી આપ્યું છે.

૨ સદરહુ ખતનાં નાણાં માગવાનો મારો હક એ વખતની ઉપર લખેલી તારીખથી ઉત્પન થયેલો છે.

૩ મને પ્રતીવાદીની પાસેથી મુદલને પેટે અથવા વ્યાજને પેટે વસુલ રૂ.૧૬ થયેલા છે હું વાદીની અરજ એ છે કે નીચેની વીગત પ્રમાણે રૂ. ૧૧૦ પ્રતિવાદી પાસેથી અપાવો.

	રૂ.	આ.	પાઇ.
મુદલ બાબાથી	૮૪	૪	૦
વ્યાજ ટકા ૧ લેખે	૩૧	૧૨	૦
	૧૧૧	૦	૦
વસુલ. રોકડા સંવત ૧૯૩૬માં	૧	૦	૦
વસુલ. બાબાથીનો વટાવ	૧૫	૮	૦
બાકી દાવો મુંબાઇગરા	૯૪	૮	૦

તા. ૪ માહે અગષ્ટ સંને ૧૮૮૨

પા. ઈશ્વર જીજીભાઇ સહી દા. પોતાના.

હું ઈશ્વર જીજીભાઇ ઉપર કહેલો વાદી એકરાર કરૂં છું કે મારા જાણ

ઉપર પ્રમાણે ઉપર લખેલો મજકુર સાચો છે તા. ૪ માહે અગષ્ટ સંને ૧૮૮૨.
પા ઈશ્વર જીજીભાઈ સહી દા. પોતાના.

દાવાનું ખત આ સાથે રજુ કર્યું છે તા. સદર.
પા. ઈશ્વર જીજીભાઈ સહી

માલ વેચ્યાના પૈસા બદલ.

મથાળું પાને ૩૩ છે તે પ્રમાણે.

હું અ ઉપર કહેલો વાદી જણાવું છું કે

૧ કસબે આમોદ મધે સંવત ૧૯૩૮ ના અસાડ સુદી ૮ એટલે તા. ૨૪ મી માહે જુન સંને ૧૮૮૨ ને રોજ મેં પ્રતિવાદીને આ સાથેની યાદમાં લખેલો સામાન રૂ.૨૫-૦-૦ નો વેચાણ આપીને તેને સ્વાધીન કર્યો છે.

૨ તે માલ બદલ તા. ૨૮ મી માહે જુન સને ૧૮૮૨ ને રોજ રૂપિયા આપવાનું પ્રતિવાએ વચન આપ્યું તેથી માલની કીંમત માગવાનો મારો હક ઉપર લખેલી તારીખથી આરંભ થએલો છે.

૩ તેણે તે રકમ આપી નથી.

૪ હું વાદીની અરજ એ છે કે નીચેની વીગત પ્રમાણે રૂ. ૨૫-૦-૦ પાઈ વ્યાજ સાથે પ્રતિવાદીના પાસેથી અપાવો.

વીગત, તારીખ, સહી એકરાર વિગરે પાને ૩૩ છે તે પ્રમાણે લખવું.

જમીન વેચાણના પૈસા લેવા બાબત.

મથાળું પાને ૩૩ છે તે પ્રમાણે.

પક્ષકારોનાં નામ	જાત.	ઉમર આશરે વર્ષ.	ધંધો.	રેહેવાનું ઠેકાણું.
વાદી				
રણછોડ ઈશ્વર	પાટીદાર	૨૭	ખેતીનો	દોરાનો
પ્રતિવાદી				
મોરાર માધવ	પાટીદાર	૪૫	ખેતીનો	મોજે સીસોડ પ્રગણે ચોરાસી તાબે વડોદરા.
હીરા દેસાઈ	એજન	૨૫	એજન	દોરા.

હું રણછોડ ઈશ્વર ઉપર કહેલો વાદી જણાવું છું કે—

૧ મોજે દોરા ગામ મધે મેં નંબર પહેલાના પ્રતિવાદીને મારી જમીન વેચાણ

આપી તે બાબતનું ખત મેં તેને લખી આપ્યું છે તે વેચાણની કીંમતના રૂપિઆ ૭૫ મને આપવા બાબતનું ખત બંને પ્રતિવાદીઓએ તા. ૧૮ જુલાઈ સને ૧૮૭૮ ને રોજ લખી આપ્યું છે તે માંહે એવી સરત લખી છે કે એ વેચાણ આપેલી જમીન નંબર ૧ લા ના પ્રતિવાદીને ખાતે ચડાવી આપું તે વખતે એ રૂપિઆ મતિ દાંઓ આપે.

૨ એ વેચાણ આપેલી જમીન વેચાણ આપી ત્યારથી નંબર ૧ લા પ્રતિવાદીના તરફથી નંબર ૨ જા ના પ્રતિવાદીના કબજામાંહે તે નંબર પહેલાના પ્રતિવાદીને ખાતે દાખલ કરવાની રેવન્યુ ખાતામાં કબુલત આપવાને હું તૈયાર છતાં તે પોતાને ખાતે દાખલ થવાનો રેવન્યું ખાતાનાં કબુલત આપવાને મારી સાથે આવતા નથી.

અને નંબર બીજાના પ્રતિવાદીને ઘણી વખત કહ્યા છતાં નંબર ૧ લા ના પ્રતિવાદીને લીલોડ ગામથી બોલાવતો નથી એ મુજબની પ્રતિવાદીઓની કસુરથી જમીન ખાતે ચઢાવી આપી નથી.

૩ પ્રતિવાદીઓએ તે રકમ આપી નથી માટે હું વાદીનો અરજ એ છે કે નીચેના વિગત પ્રમાણે રૂ ૯૨-૮ પ્રતિવાદીઓ પાસેથી અપાવે.

	રૂ. આ. પાઈ
મુદલ	૭૫- ૦- ૦
ખતની સરત પ્રમાણે સંવત ૧૯૩૫ ના ફાગણ સુદી ૨ થી—વ્યાજ	૧૭- ૮- ૦
દાવો	૯૨- ૮- ૦

તારીખ, સહી, એકરાર વિગરે પાને છે તે પ્રમાણે લખવું.

તા., સહી એકરાર વિગરે પાને ૩૩ છે તે પ્રમાણે લખવું.

સ્થાવર મીલકતનું ભાડું લેવા બાબત.

મથાળું, તારીખ. સહી. એકરાર વિગરે પાને ૩૩ છે તે પ્રમાણે લખવું.

હું આ ઉપર કહેલો વાદી જણાવું છું

૧ માજે દારા મધે તા. ૨૪ મી માહે જુન સને ૧૮૮૨ ને રોજ મોટી ખડકીમાં આવેલું મારું ઘર પ્રતિવાદીએ વર્ષ એકના રૂા. ૨૪ આપવા કરીને મારી પાસેથી વરસ એની બોલીએ ભાડે રાખ્યું અને તે રૂપિઆ વર્ષ પુરું થયે મને આપવા એવો સરતથી પ્રતિવાદીએ મને ભાડાચીઠી લખી આપી છે.

૨ તા. ૨૪ મી માહે જુન સને ૧૮૮૦ થી તા. ૨૮ મી જુન સને ૧૮૮૨ સુધી ઘરનો ભોગવટો પ્રતિવાદીએ કર્યો.

૩ વર્ષ બેનું ભાડું ચડેલું છે અને તે પ્રતિવાદીએ આપ્યું નથી માટે હું વાદીની અરજ એ છે કે નીચેની વીગત પ્રમાણે રૂા. ૫૦-૧૨-૦ પ્રતિવાદી પાસેથી અપાવો.

	રૂા. આ. પા.
વરસ બેના ભાડાના	૪૮- ૦- ૦
રૂપિઆ ૨૪ નું વર્ષે એકનુ વ્યાજ ટકા લેખે	૨-૧૨- ૦
દાવો	૫૦-૧૨- ૦

જમીન વેચવાનો કરાર તોડવા બાબત.

મથાળું, વિગરે પાને ૭૩ પ્રમાણે.

હું ભુલા વલવ ઉપર કહેલો વાદી જણાવું છું કે

૧ મોજે દારા ગામમાં તા. ૨૪ મી જુન સને ૧૮૮૨ ને રોજ મેં અને પ્રતિવાદીએ બંનેએ સહીઓ કરીને એકરાર નામું કર્યું તેની નકલ આ સાથે જોડી છે. (અથવા કરાર નામું લખી લીધું ન હોય તો ફલાણી તારીખને રોજ પ્રતિવાદીએ એવો કરાર કર્યો કે હાલ રૂા. ૧૫) અનામત આપેલા છે અને બીજા ૧૭૫) નીચે કહ્યા પ્રમાણે આપવાના તે આપવા બાબત મેં તેને કબુલત આપી છે તેના બદલામાં તેણે મને તારીખ ૩૦ મી જુન સને ૧૮૮૨. ને રોજ મોજે દારા મધેનું ગામ તળીઆનું ગભાણુ કે જે વરધા ગીરધરની પાસે આવેલું છે તેનું પુરતું વેચાણ ખત કરી આપવું.

૨ તા. ૩૦ મી જુન સને ૧૮૮૨ ને રોજ મેં પ્રતિવાદી પાસેથી સદરહુ ગભાણનું વેચાણ ખત માગ્યું અને પ્રતિવાદીને ૧૭૫ આપવા માંડ્યા.

૩ સદરહુ મીલકતનું પ્રતિવાદીએ મને કંઇ વેચાણ ખત લખી આપ્યું નથી (કદાપી તે મિલકત તેણે ગીરો મુકી હોય તો આ પ્રમાણે લખવું કે તે મિલકત ઉપર ફલાણાએ ફલાણાને રૂા. ૫૦૦ નો ઘરાણીઆ હક કરી આપ્યો છે ત આમોદની રજીષ્ટરની ઓફીસમાં ફલાણી તારીખે રજીષ્ટર થયો છે તે હજી છોડાવ્યો નથી)

